**DATE: 23/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# નાસતો ફરતો લૂંટારુ ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાલિયા તાલુકાનાં ચમારિયા ગામે અગાઉ લૂંટનો બનાવ બન્યો હતો.જેની ગંભીર તપાસ કરતાં લૂંટના ગુનામાં નાસ્તો ફરતો આરોપી ને પકડવાની કવાયત હાથ ધરી હતી.ત્યારે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સ ના આધારે માહિતી મળતા પ્રતિક વસાવાને ધરમપુર તાલુકાના આંબા સલાટ ગામેથી એલ.સી.બી ટીમ દ્વારા પકડી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 23/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

ઝાડેશ્વર નેતાજી ફળિયામાં મકાનમાં બાકોરું પાડી તસ્કરો પ્રવેશ્યા

# વૃદ્ધાને ખાટલા સાથે બાંધી માર મારી લૂંટ ચલાવનાર બે લૂંટારૂ ઝડપાયા

ભોલાવ રોડ બ્રિજ નીચે બૌડા સર્કલ પાસેથી આરોપી પકડાયા

| ભરૂચ |

ભરૂચ નજીક ગતરોજ ઝાડેશ્વર ગામે નેતાજી ફળીયામાં રહેતા વૃદ્ધા એકલા હોય રાત્રિના સમયે બે અજાણ્યા લુંટારૂઓએ ઘરના પાછળના ભાગે બાકોડુ પાડી ઘરમાં પ્રવેશ કરી વૃદ્ધાના મોઢા અને આંખ ઉપર કપડુ બાંધી દઈ તેમને ખાટલા સાથે બાંધી મુક્કા તથા ધારદાર હથિયાર વડે ઈજા કરી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડા રૂપીયા અને મોબાઈલ લઈ લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. પરંતુ ગણતરીના કલાકોમાં જ ભરૂચ શહેર સી.ડીવીઝન પોલીસ અને એલસીબીએ લુંટારૂઓને ઝડપી પાડ્યા હતા.

ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાની સુચના અને માર્ગદર્શન હેઠળ ભરૂચ એલસીબીના પીઆઈ ઉત્સવ બારોટ તેમજ ભરૂચ શહેર સી. ડીવીઝન ના પીઆઈ એસ. બી.ગોહિલ દ્વારા વિવિધ દિશામાં કામગીરી અર્થે ટીમો બનાવી કામગીરી કરતા ફરિયાદી વૃદ્ધાના ઘરની આસપાસના સીસીટીવી ફૂટેજ તેમજ વિશ્વાસ પ્રોજેકટ હેઠળ ભરૂચમાં લગાવેલ નેત્રમ કેમેરાના સીસીટીવી ફૂટેજની તપાસ કરી ટેકનીકલ રાહે તથા હ્યુમન ઈન્ટેલીજન્સથી આ લૂંટના ગુનાની તપાસ કરવામાં આવી હતી. સાથે જ કોમ્બીંગ નાઈટ દરમ્યાન એલસીબી તથા ભરૂચ શહેર સી.ડીવીઝન પોલીસ ટીમે તમામ વિસ્તારમાં કામગીરી કરી હતી તેવામાં બાતમી મળી હતી કે, ભરૂચ શહેર ભોલાવ રોડ બ્રિજ નીચે બૌડા સર્કલ પાસેથી લુંટમાં ઉપયોગ કરેલ મોટર સાયકલ સાથે બે લૂંટારૂઓ પસાર થઈ રહ્યા છે.

આ બાતમીના આધારે લૂંટારૂઓને ઝડપી તેમની તપાસ કરતા લૂંટારૂઓએ લૂંટના બનાવની કબુલાત કરી હતી અને સાથે જ પકડાયેલ લૂંટારૂઓ કે જે બે સગા ભાઈઓ છે તેવા લૂંટારૂઓ ઉમેશ બચુભાઈ મેડા તેમજ તેનો ભાઈ અજય બચુભાઈ મેડા રહે. શકિતનાથ રેલ્વે ગરનાળા પાસે, મુળ રહેવાસી : ગરબાડા, જિ.દાહોડને ઝડપી પાડતા તેમણે જુદા જુદા ગુનાઓમાં પોતાની સંડોવણી અંગે કબુલાત કરી હતી. તેઓએ તાજેતરમાં થયેલ ઝાડેશ્વર ખાતેની લૂંટ ઉપરાંત ભરૂચ શહેર એ.ડીવીઝનમાં થયેલ વાહનચોરી અને અન્ય બનાવોમાં સંડોવણી કબુલ કરી હતી.



ઝાડેશ્વરમાં વૃદ્ધાને માર મારી લૂંટ ચલાવનાર બે આરોપીઓને પોલીસે ઝડપી પાડી મુદ્દામાલ કબજે કર્યો હતો

## ૧૦૦% મુદ્દામાલ રિકવર કરાયો

ઝાડેશ્વર વિસ્તારમાં થયેલ લૂંટના બનાવમાં ભરૂચ એલસીબી અને સી.ડીવીઝન પોલીસે ૧૦૦ ટકા મુદ્દામાલ રીકવર કર્યો હતો જેમાં હીરો સ્પેલન્ડર બાઈક કે જેનો ઉપયોગ લૂંટનો બનાવમાં કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત રોકડા રૂપીયા, મોબાઈલ, સોનાની કાનની કડી, ચાંદીના સિક્કા, ઘડીયાળ, કાનના ઝૂમખા તેમજ ચપ્પા નંગ ૨ અને અન્ય ચીજવસ્તુઓ મળી કુલ મુદ્દામાલ રૂા.૧,૧૫,૨૭૫ નો મુદ્દામાલ રીકવર કરવામાં આવ્યો હતો.


**જોઇએ છે**

જોઈએ છે : એમ.બી.એ. (M.B.A.) રાજપીપળા માટે

સંપર્ક નંબર : 8780834921

રસ ધરાવનારે તાત્કાલિક સંપર્ક કરવો

**DATE: 23/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

પરંપરાગત મેળામાં લાખ્ખો શ્રદ્ધાળુઓ ઉમટશે

# ભરૂચ તાલુકાના શુકલતીર્થ ગામે આજથી યાત્રાનો પ્રારંભ

યાત્રાળુઓને કોઈ તકલીફ ન પડે તે અંગે તૈયારીઓને આખરી ઓપ આપ્યો



શુકલતીર્થ ગામે પ્રસિદ્ધ મેળાની તૈયારીઓને આખરી ઓપ અપાઇ રહ્યો છે.

। ભરૂચ ।

આજથી એટલે કે દેવઉઠી અગિયારસથી ભરૂચ તાલુકાના પ્રસિધ્ધ એવા નર્મદા નદીના કિનારે આવેલ શુકલતીર્થ ગામ ખાતે પ્રસિધ્ધ યાત્રાનો પ્રારંભ થઈ રહ્યો છે. શૈકાઓથી આ યાત્રા યોજાઈ રહી છે. જયારે માનબીંદુ સમા આરાધ્ય દેવ શ્રી ઓમકારેનાથ (વિષ્ણુ ભગવાન) ની સ્વયંભુ પ્રાગટ્ય થયેલ રેતીની મુર્તિ તેમજ તપસ્યા કરી શ્રી શુકલેશ્વર મહાદેવ (શિવલીંગ)ની સ્થાપના થયેલ છે એવા પવિત્ર તીર્થધામ શુકલતીર્થ ખાતે પરંપરાગત શુકલતીર્થનો મેળો તા.૨૩-૧૧-૨૩ના ગુરૂવારથી તા.૩૦-૧૧-૨૩થી ગુરૂવાર સુધી યોજાનાર છે.

જયાં એમ કહેવાય છે કે, સુક્ષ્મ સ્વરૂપે દેવી શકિતઓ ઉપસ્થિત રહી યાત્રાળુઓને આર્શિવાદ આપે છે. આ દિવ્ય માનબીંદુ સમા તીર્થ ક્ષેત્રમાં નર્મદા સ્નાન અને મહાદેવના દર્શનનો લાભ લેવો એ ખુબ પુણ્યનું કામ માનવામાં આવે છે. આ યાત્રાની સફળતા અંગે ધારાસભ્ય અરૂણસિંહ રણા અને સરપંચ રણધીરસીંહ માંગરોલાએ ચર્ચા-વિચારણા કરી યાત્રાળુઓને કોઈ જાતની તકલીફ ન પડે તેવુ આયોજન કરેલ છે. મળતી માહિતી મુજબ આ યાત્રામાં નર્મદા માતાના કિનારે ૫૦૦ કરતા વધુ સ્ટોલો ઉભા કરવામાં આવ્યા છે. જેમાં મનોરંજન સ્ટોલમાં ચકડોળ, મોતનો કુવો, સર્કસ, જાદુગર તેમજ અન્ય સ્ટોલો ઉભા કરવામાં આવનાર છે. આ સાથે ખાદ્યસામગ્રીઓના પણ સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે.

શુકલતીર્થના કિનારે યોજાનાર આ યાત્રામાં આરોગ્ય તંત્ર, પોલીસ તંત્ર, ફાયરબ્રિગેડ, તરવૈયા, મહિલા સ્કોડ તેમજ માહિતી અંગેના સ્ટોલો પણ ઉભા કરવામાં આવ્યા છે. યાત્રાળુઓના વાહન માટે ખાસ પાર્કિંગની જગ્યા ઉભી કરવામાં આવી છે.

આ સાથે ધારાસભ્ય અરૂણસિંહ રણાના જણાવ્યા મુજબ એસ.ટી.તંત્રને પણ યાત્રાના દિવસો દરમ્યાન નિયમિત બસની ટ્રીપ ગોઠવાઈ તે અંગેનું આયોજન કરવા સુચના આપવામાં આવી છે. કલેકટર તુષાર સુમેરા તેમજ ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડા દ્વારા પણ આ યાત્રાનું આયોજન સફળ રીતે થાય તેવા પુરતા પ્રયાસો કરાયા છે.

## વાહન વ્યવહાર અંગે જાહેરનામું બહાર પડાયું

ભરૂચ તાલુકાના શુકલતીર્થ ગામ ખાતે યોજાનાર યાત્રા અંગે વિવિધ જાહેરનામા બહાર પાડવામાં આવ્યા હતા. જેમાં સૌપ્રથમ ટ્રાફીક નિયમનના હેતુસર જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ છે જે મુજબ તા.૨૩-૧૧-૨૩ થી તા.૩૦-૧૧-૨૩ સુધી ભરૂચના ઝાડેશ્વર ચોકડીથી શુકલતીર્થ સુધી રસ્તો વન-વે જાહેર કરાયો છે અને વન-વે જાહેર કરતા વૈકલ્પિક માર્ગ તરીકે શુકલતીર્થથી આવનાર વાહનો ડાયવર્જન રૂટ શુકલતીર્થથી મંગલેશ્વર, નિકોરા, ઝનોરથી નબીપુર ઓવરબ્રિજ પાસે નેશનલ હાઈવે ૪૮ ઉપર થઈને પરત આવી શકશે. ભરૂચથી શુકલતીર્થ સુધી તમામ વાહનો જઈ શકશે પરંતુ પરત આ માર્ગે નહી પરંતુ ડાયવર્જન રૂટ પરથી આવી શકશે.

**DATE: 24/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પોલીસને જોઇ જુગારિયામાં દોડધામ

# દહેગામ ગામે જાહેરમાં જુગાર રમતાં 4 જુગારિયા ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જંબુસર તાલુકાના દહેગામ ગામે જાહેરમાં જુગાર રમતાં 4 શખ્સોને કાવી પોલીસની ટીમે ઝડપી પાડ્યાં હતાં.

જંબુસર તાલુકામાં આવેલાં દહેગામ ગામે કેટલાંક શખ્સોએ જાહેરમાં જુગારની મહેફિલ જમાવી હોવાની ચોક્કસ બાતમી કાવી પોલીસની ટીમને મળી હતી. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસની રેડ જોઇ જુગારિયાઓમાં દોડધામ મચી ગઇ હતી. જોકે, પોલીસે તે પૈકીના ચારેયને ઝડપી પાડ્યાં હતાં. તેમની પૂછપરછ કરતાં તેમના નામ હરમાન ઉર્ફે જગદીશ રયજી ગોહિલ, અર્જૂન ભીમા પરમાર, બિલાલ અકબર મલેક તેમજ જાવીદ દાઉદ મલેક હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તેની પાસેથી દાવપર લાગેલાં તેમજ અંગઝડતીમાંથી મળી કુલ 8 હજારથી વધુની રોકડ જપ્ત કરી તમામ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 24/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### બે વાહનો લઇ ગૌમાંસ વેચવા માટે નીકળ્યાં હતાં, 2 હજી ફરાર

# જંબુસરની ખાનપુરી ભાગોળ પાસેથી 185 કિલો ગૌમાંસ સાથે 3ની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | જંબુસર

ભરૂચ તાલુકાના ટંકારીયા ગામેથી 200 કિલો ગૌમાંસ ઝડપાયું હોવાની ઘટનાની શાહી સુકાઇ નથી તેવામાં જંબુસરની ખાનપુરી ભાગોળ નજીકથી 185 કિલો ગૌમાંસ સાથે 3 લોકોને પોલીસે ઝડપી પાડયાં છે. તેમની પાસેથી બાઈક, પીકઅપ અને ગૌમાંસ સહિત 1.95 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

ભરૂચ જિલ્લામાં ગૌવંશના કતલ અને માંસના વેચાણની



પ્રવૃતિ વધી હોવાની ફરિયાદો મળતાં પોલીસ સક્રિય બની છે. જંબુસર પોલીસે વોચ ગોઠવી ખાનપુરી ભાગોળ નજીકથી પીકઅપ તથા બાઈક પર ગૌમાંસ લઈ જતાં 3 લોકોની ધરપકડ કરી છે. ખાનપુર દેહ નવી નગરીમાં રહેતાં નઝીર યાકુબ અહેમદ પટેલ, ઈકબાલ ઈસ્માઈલ કોલા અને મુસ્તાક મહંમદ દાઉદ પટેલને ઝડપી પાડ્યા હતા જ્યારે અશરફ ગોધરીયા અને સલમાન જુદ્દીને ફરાર જાહેર કર્યા છે. ત્રણેય આરોપી ગૌમાંસનો જથ્થો લઈને તેને વેચવા માટે નીકળ્યાં હોવાની વિગતો સામે આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, જંબુસર તાલુકાના કાવી, સારોદ, ભડકોદ્રા અને ખાનપુર સહિતના ગામોમાંથી અગાઉ પર ગૌમાંસનો જથ્થો ઝડપાઈ ચુક્યો છે.

**DATE: 24/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### લૂંટની ઘટના બાદ ભરૂચ પોલીસની અપીલ

# તમારા ઘરમાં કોઈ કારીગર આવે તો મોબાઈલમાં ફોટો પાડી રાખો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના ઝાડેશ્વર વિસ્તારમાં મકાનના રીનોવેશનનું કામ કરનારા શ્રમિકોએ વૃધ્ધાના ઘરમાંથી લૂંટ ચલાવી હોવાનો ઘટસ્ફોટ થયા બાદ પોલીસ પણ સક્રિય બની છે. ઘરમાં રીપેરીંગ કે અન્ય કોઈ કામ માટે આવતાં શ્રમિકોના મોબાઈલમાં ફોટા પાડી તેમની વિગતો મેળવવા માટે લોકોને અપીલ કરવામાં આવી છે. ખાસ કરીને કન્સટ્રકશન કામમાં સૌથી વધારે શ્રમિકોનો ઉપયોગ થતો હોય છે ત્યારે તકેદારી રાખવા માટે જણાવવામાં આવ્યું છે.

ઝાડેશ્વરના નેતાજી ફળિયામાં વૃધ્ધાને બંધક બનાવી લૂંટ ચલાવવામાં આવી હતી જો કે પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી પાડયાં છે. ગરબાડાના અજય અને ઉમેશ મેડાને ઝડપી પાડયાં હતાં. બંને શ્રમજીવીઓ મજૂરીકામના બહાને ચોરી કરતાં હતાં.